# પ્રાંતિજમાં ત્રણ દિવસથી એટીએમ બંધ રહેતા ગ્રાહકોને હાલાકી

## એટીએમ ગ્રાહકો એક એટીએમથી બીજા એટીએમના ધક્કા ખાય છે : નવ એટીએમ સુવિધા છતાં બંધ




પ્રાંતિજ, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એટીએમ છેલ્લા ત્રણ દિવસથી બંધ રહેતા એટીએમ ગ્રાહકો છેલ્લાં ત્રણ દિવસથી ભટકે છે અને વિવિધ એટીએમના ચક્કર ખાતા નજરે પડે છે.

પ્રાંતિજ ખાતે વિવિધ બેંકો દ્વારા મુકવામાં આવેલ એટીએમ છેલ્લા ત્રણ દિવસથી બંધ હોવાથી એટીએમ ગ્રાહકો એક એટીએમથી બીજા એટીએમ ખાતે ધક્કા ખાતાં છતાં પણ પૈસા ના મળતાં છતાં પૈસે બીજા પાસે પૈસા માંગવાનો વારો આવ્યો છે. તો પ્રાંતિજ ખાતે નવ જગ્યાએ

પ્રાંતિજના એટીએમ સ્થળ સાથે
સ્ટેટબેંક એટીએમ નાનીભાગોળ
કેનડા બેંક એટીએમ એપ્રોચરોડ
એચ.ડી.એફ.સી.બેંક એપ્રોચરોડ
દેના બેંક ત્રણ રસ્તા
આઈડીબીઆઈ એસટીડેપોની બાજુમાં
બેંક ઓફ બરોડા એલઆઈસી પાસે
સાબરકાંઠા બેંક ખોડીયાર કુવા
બેંક ઓફ ઈન્ડિયા ગોપીનાથ
સ્ટેટ બેંક ગોપીનાથ એપ્રોચરોડ

એટીએમ વિવિધ બેંકો દ્વારા મુકવામાં આવ્યાં છે. જેમા માત્ર ચાર એક એટીએમ નિયમિત ચાલું હોય છે. અને બાકીના એટીએમ તો માત્ર શોભના ગાંઠીયા સમાન છે. તો બીજી બાજુ જે ચાલુ હતાં તે એટીએમ પણ છેલ્લા ત્રણ દિવસથી બંધ રહેતા હાલ તો પ્રાંતિજ એટીએમ મુકત થયું હોય તેમ દેખાય રહ્યું છે અને યંત્ર યુગમાં પણ એટીએમ સેવા હાલ પ્રાંતિજ ખાતે ઠબ થતાં કેટલાય એટીએમ ગ્રાહકો એટીએમમાંથી પૈસા ના નિકળતાં હોવાથી વીલા મોંઢે પાછા ફરે છે અને હાલ વ્યવહારો સહિત ખર્ચ પાણી ઠબ થયું છે. તો પ્રાંતિજ ખાતે એટીએમ સેવાબંધ હોવા છતાં એટીએમ બેંકો દ્વારા હાલ તો મસ્ત મજાની નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે અને એટીએમ ગ્રાહકોની પરેશાની હાલ તો ચોથા દિવસે પણ એટીએમ બંધ રહેતાં ઘટવાને બદલે વધારો થયો હોય તેવું જણાઈ આવે છે.




### ખેડબ્રહ્મામાની બેન્કોમાં પૈસા ન હોવાથી એટીએમ બંધ

ખેડબ્રહ્મામા એસ.બી.આઈ. બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય બીજી બે બેંકોના એટીએમ આવેલ છે. જેમાં શુક્રવારના રોજ તમામ એટીએમમાં પૈસા ન હતા. જેથી લોકોને ભારે હાલાકી પડી હતી. એસ.બી.આઈ.ના મેનેજરના જણાવ્યા અનુસાર આર.બી.આઈ. દ્વારા પૂરતા પ્રમાણમાં પૈસા ન આપતા અમારે કાઉન્ટર પર લોકોને પૈસા આપવા પડતા હોય એટીએમમાં પૈસા મુકવામાં આવ્યા નથી. જ્યારે બેંક ઓફ બરોડા સ્ટાફ દ્વારા જણાવેલ કે એટીએમમાં પૈસા ફસાઈ ગયેલ હોઈ એટીએમ બંધ રાખવામાં આવેલ છે. જ્યા રે બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજરના જણાવ્યા અનુસાર આગળથી મોટી કેશ ૨૦૦૦ અને ૫૦૦ની નોટો ન આવતી હોઈ કેશ મુકેલ નથી.

## મહેસાણામાં ૨૦ એપ્રિલે ઉજ્જવલા દિવસની ઉજવણી કરાશે

ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સરકાર દ્વારા સામાજિક સંવાદિતા તથા અંતરીયાળ વિસ્તારના ગરીબ લાભાર્થીઓ સુધી યોજનાની વિગતો પહોંચાડવા માટે અભિયાન હાથ ધરાયું છે. મહેસાણા જિલ્લામાં અભિયાન અંતર્ગત ૨૦ એપ્રિલે મહેસાણા જિલ્લામાં ઉજ્જવલા દિવસની ઉજવણી કરવામાંઆવનાર છે. જિલ્લા પુરવઠા અધિકારી ભાર્ગવ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં ઉજ્જવલા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૬૪૧૫૪ જોડાણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉજ્વલા ફેઝ ૨ યોજનામાં એસ.સી, એસ.ટી, બી.પી.એલ, અંત્યોદય અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવરી લેવામાં આવનાર છે.



### મરડીયાથી દધાલિયા રોડની સાઈડો પર નાખેલ પથ્થર ભયજનક

મોડાસા તાલુકાના મરડીયાથી દધાલિયા સુધીના નવીનીકરણ ડામર રોડની બંને સાઈડો માટી અને રફુથી પુરણ કરવાના બદલે કોન્ટ્રાક્ટરે રોડની બંને સાઈડો પર મોટા મોટા ડુંગરના પથ્થરો નાખી રોડ ભયજનક બનાવી દેતા અહીંથી પસાર થતા વાહનચાલકો માટે આ પથ્થર જીવલેણ સાબિત થાય તો નવાઈ નહિ. ઉમેદપુર ગ્રામ પંચાયતના સરપંચ ચીમનભાઈ પટેલ અને અગ્રણી નરેન્દ્રભાઈ પટેલના જણાવ્યા અનુસાર રોડનું નવીનીકરણ કરનાર કોન્ટ્રાક્ટરે રોડ પર પડેલા જીણીપથ્થર(મેડિયો) ખનીજના ઢગલા પણ જેમના તેમ રાખી દેતા કરોડો રૂપિયાના ખર્ચે બનેલ રોડ વાહનચાલકો માટે ફારસરૂપ સાબિત થઈ રહ્યો છે. જવાબદાર તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરને સૂચના આપી તાત્કાલિક રોડ પર રહેલા ઢગલા હટાવી લેવડાવાની સાથે રોડની બંને સાઈડો પર પથ્થરો હટાવી લઈ ટેન્ડર મુજબ બંને સાઈડો પર માટી કામથી પુરણ કરવાની માંગ કરી હતી.

## મહેસાણામાં ડૉ. આંબેડકર જન્મ જયંતિની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૧૩ ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત ૧૪ એપ્રિલ ૨૦૧૮ના રોજ સામાજિક ન્યાય દિવસની ઉજવણી થનાર છે. જે અંતર્ગત ૧૪ એપ્રિલ ૨૦૧૮ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી સમગ્ર રાજ્યમાં થનાર છે. મહેસાણા જિલ્લામાં આજે ૧૪ એપ્રિલ શનિવારે સવારે ૭.૩૦ કલાકે કલેકટર કચેરીથી ભીમયાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા મહેસાણા કલેકટર કચેરીથી શરૂ કરીને ફુવારા, ગણપતિ મંદિર, તોરણવાળી માતા ચોકથી ડો. આંબેડકર ભવન ખાતે સવારે ૮.૩૦ કલાકે પહોંચશે તેમ નાયબ નિયામક અનુંસૂચિત કલ્યાણ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# થરાદ તાલુકાના માંગરોળ ગામમાં ઉઘાડપગા ડૉક્ટરોનો રાફડો ફાટયો છે

## ભોળી પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ કરી રહ્યા છે ચેડાં : આવા બોઘસ તબીબો સામે કેમ તંત્ર પગલાં લેતું નથી એ એક ચર્ચા નો વિષય બનવા પામ્યો છે

થરાદ તાલુકાના માંગરોળ માં સેણલ માતાજી નું મોટું મંદિર આવેલું છે એટલે લોકોનો અહીં




બહું ઘસારો રહેછે એ મોકા નો લાભ લઈ અહીં બોઘસ તબીબો કોઈ પણ પ્રકારની ડીગ્રી વગર નિડરતા થી પોતાના દવાખાના ખોલી બેઠા છે.

આ સરહદની અભણ પ્રજા દવા કરાવવા માટે આ ઉઘાડ પગા ડોક્ટરો પાસે જાય છે અને અહીં એક ઉઘાડ પગો ડોક્ટર ×પ્રવિણ પટેલ વટયક્ષણી ક્લિનિક× નામની પોતાની માનવ ગેરેજ ખોલીને બેઠેલો છે જે આ વિસ્તાર ના ભાપડી અને માંગરોળ આ ખાશ બે ગામોમાં પોતાની માનવ ગેરજ ખોલીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી લોકોને ભારે ડોઝ વાળી ગોળીયો આપે છે એ પણ ચાર ગણા પૈસા વસૂલીને અને કોઈ પણ ડીગ્રી વગર લોકો ના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યો છે અને લોકો સામે એવું પણ કહે છે કે જેને રાજકારણ નો શપોટ હોય તેનો કોઈ સરકારી કર્મચારી કઈ પણ ફરક પાડી શકતો નથી અને મારે રાજકારણ નો ફુલ સપોટ છે મારો કોઈ થી કઈ ફરક પડતો નથી તો આ ઉઘાડ પગા ડોક્ટર સામે તંત્ર ધ્યાન દોરે તેવી લોક માંગ ઉઠવા પામી છે તો હવે જોવું એ રહ્યું કે સુ તંત્ર આ ઉઘાડ પગા ડોક્ટર સામે ધ્યાન દોરે છે કે પછી એ પણ કઈ લાચાર છે ?

આ ઉઘાડ પગા ડોક્ટર સામે તંત્ર હાલ ધ્યાન દોરસે કે પછી આ બોઘસ ડોક્ટર કોઈનો જીવ જોખમમાં મુકસે ત્યારે તંત્ર તેનું જવાબ દાર બનસે ખરા તેવી લોકોમાં ચર્ચા સ્પદ બનવા ઉઠી છે.

# પ્રાંતિજ ખાતે હજરત સિકંદર શાહ બાવાના મજારનું ૩૩ લાખના ખર્ચે પુનઃ નિર્માણ

પ્રાંતિજ ખાતે પુરાતત્વ ખાતા હસ્તકની એક માત્ર હયાત ઈમારત હઝરત સિકંદર શાહ બાવાના મજારનું



સ્થાપત્ય જર્જરિત બનતા તેના પુનઃ નિર્માણનું કામ ચાલી રહ્યું છે. જેના પગલે અકિદતમંદોમાં હર્ષની લાગણી જન્મી છે. સાબરકાંઠા જિલ્લાનુંપ્રાંતિજ ગામ એ પ્રાચીન નગર છે. આ ઐતિહાસિક નગરમાં રાજાશાહી કાળમાં કેટલાક યુદ્ધો લડાયા છે. ભૂતકાળની યુદ્ધભૂમિ ગણાતા પ્રાંતિજ નગરમાં ભાંખરિયા વિસ્તારમાં ફતેહ ઈસ્લામ મસ્જિદ સામે હઝરત સિકંદર શાહનો પથ્થરનો મકબરો છે. જેનો કોઈ કાળે ગુંબજ શહિદ થઈ જતાં તે ખુલ્લો થઈ માત્ર પથ્થરોની દીવાલો રહેતા વરસાદ અને તાપની અસર થતાં જર્જરિત થઈ ગયો હતો. પ્રાંતિજના આ એક માત્ર પુરાતત્વ ખાતા હસ્તકના સ્થાપત્યનો રૂ. ૩૩ લાખના ખર્ચે પુનરોદ્વાર હાથ ધરાયો છે. જેનાથી સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી પ્રસરી છે.

વડોદરા પુરાતત્વ વિભાગ હેઠળની પાટણ સબસર્કલ હેઠળ હાલ દરગાહ-મજારના રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે. પાટણના સિનિયર કન્ઝર્વેટર ઈમરાન એ. મનસુરીની દેખરેખ હેઠળ અગાઉ જેવા જ પથ્થરો લાવી રોડા-પથ્થરની ભૂકી, ચૂનો, રેતી તથા ખાદ્ય સામગ્રીની લુગદીનું મિશ્રણ કરી તેનુ મજબૂત અને આબેહૂબ પુનઃ નિર્માણ કામ ચાલી રહ્યું છે.



### ધનસુરામાં વલ્લભ પ્રભુની શોભાયાત્રા નિકળી

ધનસુરા ગોકુલનાથજી મંદિર ખાતેથી વ્યવસ્થાપકો તથા વૈષ્ણવ સમાજના લોકો દ્વારા શ્રી વલ્લભ પ્રભુજીની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ મહાપ્રભુજીના સ્વરૂપને બગીમાં પધરાવી ધનસુરા નગરમાં વાજતે ગાજતે ભજન કિર્તનની રમઝટ સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં અસંખ્ય વૈષ્ણવ ભાઈ બહેનો જોડાયા હતા. સમગ્ર ધનસુરા નગરની પ્રદક્ષિણા કરી નિજ મંદિરે પરત આવી હતી. શોભાયાત્રા બાદ સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

# ગુજરાત ટુરિઝમ દ્વારા મુખ્યમંત્રી એપ્રિટન્સશીપ તાલીમ યોજનાનો જાગૃતતા વર્કશોપ

એપ્રિટન્સશીપ એક્ટ વર્ષ ૧૯૬૧માં ભારત સરકાર દ્વારા બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૬, ૧૯ ઓગસ્ટના રોજ ભારત સરકાર દ્વારા એપ્રિટન્સશીપ તાલીમને પ્રમોટ કરવા માટે નેશનલ એપ્રિટન્સશીપ પ્રમોશન સ્કીમ લાગુ કરાઈ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ૬ એપ્રિલ-૨૦૧૮ના રોજ મુખ્યમંત્રી એપ્રિટન્સશીપ તાલીમ યોજના સમગ્ર રાજયમાં ઠરાવ પસાર કરીને લાગુ કરાઈ. ગુજરાતની ગતિશીલ સરકારે હંમેશા યુવા પ્રોત્સાહન અને યુવા સશ્ક્તિકરણ માટેના પગલાં ભર્યા છે. ગુજરાત સરકારના આ પ્રયાસોને વધુ સક્ષમ બનાવવા પ્રવાસન નિગમના પ્રિન્સિપાલ સેકેટરી એસ.જે. હૈદર અને મેનેજિંગ ડિરેક્ટર જેનું દેવન દ્વારા જીસીસીઆઈના ઉપક્રમે મુખ્યમંત્રી એપ્રિટન્સશીપ તાલીમ યોજનાની જાગૃતતા લાવવા સ્ટેક હોલ્ડર્સ માટે વર્કશોપ યોજયો હતો. વિશ્વમાં ઊભી થતી ૧૧ રોજગારીની તકો પૈકી ૧ રોજગારીની તક પ્રવાસન ઉધોગ થકી છે જે દેશના જીડીપીમાં પણ બાહોળો ફાળો ધરાવે છે.

# ઊંઝાના બજારમાં નાણાંની અછત : વેપારીઓની હાલત કફોડી

આજે નોટબંધીનું નામ આવતાની સાથે જ ભલ ભલા વેપારીને પરસેવો આવી જાય છે ત્યારે મીની નોટ બંધી સ્પાઈસ સીટી ઊંઝામાં હાલમાં જોવા મળી રહી છે. બેંકોના ખાતામાં પેસા તો છે પરંતુ હાલમાં નવા માલની આવકમાં ખેડૂતોને આપવામાં આવતા નાણા હાલમાં બેંકમાંથી ન મળતા વેપારીઓ હાલમાં ભારે ટ્રસ્ટ બનવા ગયા છે. જ્યારે હજારો કિલો હાલમાં જીરા સહિતના મસાલા પાકો હાલમાં ઊંઝા માર્કે માં લવાઈ રહ્યા છે પરંતુ પૈસા રોકડ ન હોવાથી હાલમાં ભારે પરેશાનીનો સામનો વેપારીઓને કરવો પડી રહ્યો છે.

ઊંઝા બજાર એ એશિયાનું સૌથી મોટું મસાલા ઉત્પાદનનું બજાર છે અહીનું બજારમાં આવેલા માલની ખપત છેક વિદેશોમાં થવા જાય છે. એ.પી.એમ.સી.માં હાલમાં શિયાળુ પાક એવા મસાલા પાકની નવી આવક શરુ થવા ગઈ છે. રોજની હજ્જારો બોરીની આવક ઊંઝા એ.પી.એમ.સી.માં જોવા મળે છે. પરંતુ, નોટબંધી બાદ હજુ પણ અહીની બેન્કોમાં રોકડ નાણાની અછત વર્તાઈ રહેતા વેપારીઓને પુરતા પ્રમાણમાં કેશ મળતી નથી. જેની સીધી અસર દુર દુર થી આવતા ખેડૂતો પર પડે છે. અને આખરે હેરાન થાય છે તો જગતનો તાત અને પોતાના માલ ને કેશ ન હોવા થી સસ્તા ભાવે માલ આપી જતા હોવા ની રાવ ખુદ વેપારી એશોસીયસણ ના પ્રમુખે સીતારામ પટેલ વ્યક્ત કરી હતી. મહેસાણાના ઊંઝા એ પી એમ સી મા જીરું-વરીયાળીની આવક શરુ થઈ ચુકી છે. રોજની હજ્જારો બોરી આવક હાલમાં નોધાઈ રહી છે. પરંતુ, દુર દુરથી જીરું-વરીયાળી વેચવા ઊંઝા એ પી એમ સીમા આવતા ખેડૂતોને રોકડ નાણા નહિ મળતા ખેડૂતો નિરાશ થઈ રહ્યા છે. અને છેવટે ઓછા ભાવે પણ ખેડૂતો માલ વેચવા તૈયાર થઈ જાય છે. જેનું મૂળ કારણ, ઉંઝાની બેંકોમાંથી વેપારીઓને પુરતી કેશ નહિ અપાતી હોવાની રાવ ઉઠવા પામી છે. એ પી એમ સી ના વેપારીઓના જણાવ્યા મુજબ તેમના કરંટ ખાતામાંથી જોઈતા પ્રમાણમાં નાણા બેંક



આપતી નથી. જેને કારણે વેપારીઓ ખેડૂતોને કેશ આપી શકતા નથી. એટલે ચેક કે આર ટી જી એસ થી નાણા આપવા પડે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા ખેડૂતો આ વ્યવસ્થાથી અજાણ કે, ગ્રામ્ય વિસ્તારથી બેંકો દુર હોવાથી પરેશાન થાય છે. એટલે ખેડૂત રોકડની માંગ કરે છે. અને તે વેપારીઓ આપી શકતા નથી. તેમ કનુભાઈ પટેલ પૂર્વ પ્રમુખ, વેપારી એશો. APMC ઊંઝા એ જણાવ્યું હતું. સ્થાનિક વેપારીઓ હાલ માં વેપાર તો કરી રહ્યા છે પરંતુ બેન્કોએ ભર સીઝનમા કેશ પેમેન્ટ આપવાની મનાઈ કરીને હાથ અધ્ધર કરી દીધા છે. બેન્કોના કહેવા પ્રમાણે ખેડુતોને બીલ આપીને ચેક પેમેન્ટ અથવા આર.ટી.જી.એસ ની સીસ્ટમથી પેમેન્ટ કરો તેમ ખી રહ્યા છે.. પણ ખેડુતો બીલ લેવા તૈયાર છે પણ ચેક તથા આર.ટી.જી.એસ થી પેમેન્ટ લેવા તૈયાર નથી. તેનુ કારણ ખેડુતો જણાવે છે કે રાજસ્થાન કે ગુજરાત ખેડુતો ને આ સીસ્ટમ થી બેન્ક પર ભરોસો નથી ગામડા ની બેન્કો ચેક પેમેન્ટ કે આર.ટી.જી.એસ.સીસ્ટમ થી પેમેન્ટ કરી શકતી નથી અને ખેડુતો ને વારંવાર ધક્કા ખાવા પડે છે. ઉલટા નું જે પેમેત હોય છે તે જગ્યા પર હાલ માં અહી આવ્યા બાદ પેસા કેશ માં આપવા પડે છે તે રકમ હાલ માં તેઓ ક્યાં થી લાવે તે પ્રશ્ન હોય છે. જ્યારે આ સમગ્ર મામલે ઊંઝા એ પી એમ સી સહિત વેપારી અને બેંકના આલા આધિકારીઓએ ઉચ કોટી સુધી હાલ માં રજુઆત કરી હોવા નું જાણવા મળી રહ્યું છે. હિતેશ ભાઈ પટેલ બેંક ડીરેક્ટર, મહેન્દ્ર પટેલ બેંક ચેરમેન એ જણાવ્યું હતું. મહેસાણાના ઊંજા માં સીડ્યુલ બેંક સહિત ઊંઝા નાગરિક સહકારી બેન્ક માં વેપારી ઓં ના સ્વથી મોટા ખાતા આવેલા છે જેમાં ઊંજા માર્કેટયારડ ના ૨૨૦૦ જુદી જુદી પેઢી માં હાલ માં આજ સ્થિતિ નું નિર્માણ થવા જાય છે દિન ની ૫૦ હાજર બોરી ની અઆવક છે જેની સામે બેંક માં ૨ લાખ થી વધુ નાણા આપવા માં આવતા નથી. રીઝર્વ બેંક દ્વારા ગુજરાતની બેન્કોને પુરતા નાણા પુરા પાડવામાં આવતા ન હોવા નું જાણવા મળી રહ્યું છે. જેના કારણે આ સમસ્યા સર્જાઈ રહી છે. ઊંઝા એ પી એમ સી માં રોજના કરોડોનો વેપાર થાય છે. પરંતુ, બેન્કોમાં જ આટલી રકમ નહિ હોવાથી ચેક કે આર ટી જી એસ થી નાણાકીય વ્યવહાર કરવા જણાવવામાં આવે છે.પર્નુતું ખેડૂતો આ પેસા લેવા ત્યાર નથી. ભાણાભાઈ રાજપૂત ખેડૂત એ જણાવ્યું હતું હાલમાં તો ઊંઝા એ પી એમ સીના વેપારીઓ અને ખેડૂતો હવે સરકારને વીનંતી કરી રહ્યા છે કે, ગ્રામીણ બેન્કો ની પેમેન્ટ સીસ્ટમ મા સુધારો કરવામાં આવે. તાત્કાલિક આ પ્રશ્નનો નીકાલ ન આવે ત્યાં સુધી બેન્કોને રોકડ કેશ વેપારીઓને તાત્કાલિક ધોરણે મળે તેવી સગવડ કરવી જોઈએ જ્યારે બે લાખ ની આવક માં રોકડ વહેવાર કારવા માટે ખેડૂત ને ચૂત છાટ છે તેમ છતાં પણ બેંક માં પેસા રોકડ માં ન મળતા હાલ માં મની ક્રસીસ નો સામનો કરવો પડી રહ્યો છે. જેની રજુવાત ચેરમેન દ્વારા પણ કારવા માં આવી છે. તેમ ગૌરાંગ ભાઈ પટેલ ચેરમેન એ.પી.એમ.સી એ જણાવ્યું હતું. અત્યારે માત્ર ઊંજા માં જીરુ, વરીયાળી,રાયડો, સુવા, ઘઉ, અજમો, ઈસબગુલ જેવા શીયાળુ પાકો પાણીના ભાવે ખેડુતો વેચી રહ્યા છે. તો ખેડુતોને પોષણક્ષમ ભાવ રુપિયાના હીસાબે મલતા નથી. અને જો બેન્કોમા રોકડ તથા કેશ ની વ્યવસ્થા નહિ કરવામાં આવે તો, વેપારીઓ અને ખેડૂતોએ ગાંધી ચીંધ્યા માર્ગે અંદોલન કરવાની ફરજ પણ પડશે તેમ લાગી રહ્યું છે પરંતુ હાલ માં આ તમામ વહેવારમાં નવી નોટ ગઈ ક્યાં તે પ્રશ્ન હાલ માં ઉઠવા ગયો છે.